ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૩૬ ટકા

# એચ.પી. ગેસની ટ્રકમાં બાટલાઓની આડમાં દારૂની હેરાફેરી



## આદરજ રેલવે ફાટક પાસેથી પોલિસે બે ટ્રકોમાંથી ૧૧ બોટલ દારૂ અને ત્રણ બિયર પકડી ૩૦૦ ગેસના બોટલ અને ટ્રક સહિત રૂ. ૧૦ લાખના મુદ્દામાલ સાથે સાતની ધરપકડ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક પુન્દ્રાસણથી આદરજ રોડ તરફ જતી એચ.પી. ગેસની ગેસ સીલીન્ડર ભરીને જતી ટ્રકમાં વિદેશી દારૂ-બિયરની હેરાફેરી થઈ રહી હોવાની બાતમી આધારે આદરજ ફાટક પાસે વૉચ ગોઠવીને પેથાપુર પોલિસે બે ટ્રકો પકડી પાડી હતી. ગેસના બાટલાઓની આડમાં વિદેશી દારૂની બોટલો લઈ જતા સાત શખ્સોને પકડી પાડી રૂ. ૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પોલિસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય બાબત એ છે કે ઉત્તરાયણની પૂર્વ રાત્રીએ કરેલી આ કાર્યવાહી કોઈ કારણોસર પોલિસે મીડીયાથી છુપાવી હોવાની અનેક શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે.

મળતી માહિતી મુજબ ઉત્તરાયણની પૂર્વ રાત્રિએ પેથાપુર પોલિસે આદરજ ફાટક પાસેથી ચોકકસ બાતમી આધારે દારૂ-બિયરની બોટલો ગેસની બોટલો ભરેલા ટ્રકમાં લઈ જવાઈ રહી હતી તેને પકડી પાડી હતી. એક ટ્રકમાંથી ૮ બોટલ વિદેશી દારૂ અને બીજી ટ્રકમાંથી ત્રણ બોટલ વિદેશી દારૂ તથા ત્રણ બિયરના ટીન મળી આવ્યા હતા. પેથાપુર પોલિસે બંને ટ્રકો તથા ૩૦૦ ગેસના ખાલી બોટલો અને વિદેશી દારૂ-બિયરની બોટલો મળી રૂ. ૧૦.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સાત આરોપીઓને પકડી પાડયા હતા. એક ટ્રકમાંથી સરઢવના જગદીશ લક્ષ્મણ બજાણીયા, વિજય ભરત પટેલ, ચેતન વિક્રમ દેવડા અને વિરમગામના ગોવિંદ બચુ નાયકની ધરપકડ કરવામાં આવી હતી. તો બીજી ટ્રકમાંથી સરઢવ જનતાનગરના બબા વાઘા ઠાકોર, સંજય અંબાલાલ બજાણીયા અને નરસિંહ બચુ દંતાણીને પકડી પાડવામાં આવ્યા હતા. પેથાપુર પોલીસે આ માહિતી મીડીયા સુધી ન પહોંચે તે રીતે દબાવી રાખતા પેથાપુર પોલિસની આ કામગીરીએ પણ શંકાઓ ઉપજાવી છે.

## જીએમઈઆરએસ દ્વારા ૧૬ ડોકટર્સની દરખાસ્ત આરોગ્ય વિભાગને મોકલાઈ

ગાંધીનગર, તા.૧૯

પાટનગરની મેડીકલ કોલેજ બનતા સિવિલમાં દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે ત્યારે પાટનગરના મેડીકલ કોલેજ તંત્ર દ્વારા પીજીનો અભ્યાસક્રમ ઝડપી શરુ થાય તેવા ઉમદા હેતુથી ૧૬ ડોકટર્સની ખાલી જગ્યા માટે આરોગ્ય વિભાગમાં દરખાસ્ત મોકલી આપવામાં આવી છે. જો તંત્ર દ્વારા આ જગ્યા ભરવામાં આવશે તો પીજી માટે ઉચ્ચકક્ષાએ રજુઆત કોલેજ તંત્ર દ્વારા કરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગના સારવાર માટે આવે છે. ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત સિવિલમાં મેડીકલ કોલેજ બનતા દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સારવારમાં વધારો થવા પામ્યો છે. પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈમારતમાં આધુનિક સુવિધાથી સજ્જ કરાયું છે ત્યારે ડોકટરર્સ અને સ્ટાફ નર્સ ની ભરતી પણ મોટાપાયે કરાઈ છે. મેડીકલ કોલેજ તંત્ર દ્વારા પીજીનો કોર્ષ શરૂ થાય તે માટે ગતિવિધીઓ તેજ કરી દેવાઈ છે. ગાંધીનગર મેડીકલ કોલેજ તંત્ર દ્વારા સાઈકીયાટ્રીક, ટીબી, સ્કિન, અને માઈક્રોબાયોલોજી વિભાગમાં એક એક ડોકટરની ઘટ છે. જયારે રેડીયોલોજી, પીડીયાટ્રીક, ગાયનેક એ પેથોલોજીમાં ત્રણ ત્રણ ડોકટરની ઘટ સર્જાઈ છે. ગાંધીનગર કોલેજમાં કુલ ૧૬ ડોકટર્સની ઘટ પુરવા માટે કોલેજ તંત્ર દ્વારા જીએમઈઆરએસ અને આરોગ્ય વિભાગ સમક્ષ દરખાસ્ત મોકલવામાં આવી છે. ૧૬ ડોકટર્સની ઘટ આરોગ્ય વિભાગ દ્વારા પુરવામાં આવશે તો તાત્કાલીક અસરથી પીજી માટે દિલ્લી ખાતે ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવશે. આરોગ્ય વિભાગ સમક્ષ ટોટલ ૧૬ ડોકટરની માંગ કરાઈ છે ત્યારે જોવાનુ રહ્યું કે કેટલા ડોકટરની માંગ તંત્ર દ્વારા પુરી કરવામાં આવે છે. જો તમામ માંગ આરોગ્ય વિભાગ દ્વારા પુરી કરવામાં આવશે તો મેડીકલ કોલેજ તંત્ર દ્વારા પીજી માટે પ્રક્રિયા હાથ ધરીને દિલ્હી ખાતે મોકલી આપવામાં આવશે.

## પ્રેરણા વિદ્યાલય ખાતે માનસિક સ્વાસ્થ્ય માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન

નજીકના સમયમાં ગુજરાતમાં પરીક્ષાનો માહોલ જામશે. જે માટેની માનસિક તૈયારીના ભાગરૂપે મનોચિકિત્સક દ્વારા ગાંધીનગરનાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રેરણા વિદ્યાલય ખાતે ગત ૨૧ તારીખના રોજ આનંદ હોસ્પીટલ ગાંધીનગર તેમજ કાનોરીયા સેન્ટર ફોર મેડિકલ એજ્યુકેશનની મનોચિકિત્સકોની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષામાં હકારાત્મક અભિગમ કેમ જાળવવો તેમજ માનસિક સ્વાસ્થ્ય કેમ જાળવવું તે માટે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટીમમાં દિપ્તી, મીના, બીજલ, રેખા, નિકીતા, રીતુ, શીતલ, પુજા તેમજ અર્ચના ભાટીયા, તુષાર વેકરીયા, પુજા જોષી, ઘનશ્યામ ચૌધરી વગેરે ખ્યાતનામ મનોચિકિત્સકોએ વિદ્યાર્થીઓને ખુબજ સુંદર માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પણ ખુબ સારો પ્રતિભાવ સાંપડ્યો હતો અને મોટી માત્રામાં સ્થાનીક વિદ્યાર્થીઓએ મનોચિકિત્સકની વિશેષ સેવાનો લાભ લીધો હતો.

## સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં શિક્ષણ વિભાગની ટીમનો વિજય

### પંચાયત ગ્રામ ગૃહ નિર્માણની ટીમે ૨૧.૪ ઓવરમાં ૮૭ રન બનાવ્યા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધા વર્ષ ૨૦૧૭-૧૮ યોજાઈ હતી. મેચ ૧૬ શિક્ષણ વિભાગ અને ગ્રા.ગૃ.નિ. તેમજ ગ્રા.વિ.વિભાગ વચ્ચે યોજાઈ હતી. શિક્ષણ વિભાગની ટીમે પ્રથમ દાવમાં ૨૪.૪ ઓવરમાં ૧૧૭ રન બનાવ્યા હતા. જેમાં નિતેશ પારેખે ૨૪ રન બનાવ્યા હતા. જયારે પંચાયત વિભાગની ટીમના બોલર શ્રીરામ પટેલે ૪.૪ ઓવરમાં ૧૦ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી. જયારે હિતેશ પટેલે ૩ ઓવરમાં ૧૪ રન આપી ૩ વિકેટ ઝડપી છે. બીજા દાવમાં પંચાયત ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિભાગની ટીમે ૨૧.૪ ઓવરમાં ૮૭ રન બનાવ્યા હતા જયારે જીગ્નેશ ડામોરે ૨૧ રન બનાવ્યા હતા. શિક્ષણ વિભાગની ટીમ તરફથી કનુભાઈ પટેલે ૬ ઓવરમાં ૧૮ રન આપી ૨ વિકેટ ઝડપી હતી. તેવી જ રીતે રવેસિંહ પરમારે ૫ ઓવરમાં ૨૨ રન આપીને ૪ વિકેટ ઝડપી પાડતા પંચાયતની ટીમે હારનો સામનો કરવો પડ્યો હતો. જયારે શિક્ષણ વિભાગની ટીમ ૩૦ રને વિજેતા જાહેર થઈ હતી. મેન ઓફ ધ મેચ રવેસિંહ પરમાર બન્યા હતા. શિક્ષણ વિભાગનો સેમી ફાઈનલમાં ભવ્ય વિજય થવા બદલ ટીમના મેનેજર દિપક પટેલ અને કેપ્ટન કનુભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા. જયારે આગામી ફાઈનલ મેચ તા. ૨૩ જાન્યુઆરીના રોજ સાંઈ ગ્રાઉન્ડ સે-૧૫ ખાતે યોજાશે.

## શાળામાં ‘સમૂહ પ્રાર્થના’નું ભવ્ય આયોજન




ગાંધીનગર, તા.૧૯

કડી સર્વવિદ્યાલય સંચાલિત એસ. કે. પટેલ. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-પ્રાઈમરી શાળામાં તા.૧૨મી જાન્યુઆરીના રોજ ‘ગ્રુપ પ્રેયર’ (સમૂહ પ્રાર્થના)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકોએ ખૂબ જ સુંદર રીતે પ્રાર્થનાઓ રજૂ કરી હતી. જેમાં’ જીવન અંજલિ થાજો...., ‘અચ્યુતમ કેશવમ......’ , ‘સૂરજ ચાંદ સિતારે .......’, ‘હમ હોગે કામયાબ......’ , ‘બચ્ચે મનકે સચ્ચે......’ વગેરેનો સમાવેશ થયો હતો. સમૂહ પ્રાર્થના અને આ દ્વારા બાળકોમાં સહકાર, સમૂહની ભાવના, લય અને તાલનો મેળ તેમજ માનસિક શાંતિ જેવા ગુણો જોવા મળ્યા હતા.

શાળા પરિવાર દ્વારા બાળકોને જીવનમાં પ્રાર્થનાનું મહત્વ સમજાવી, રોજિંદા જીવનમાં તેની જરૂરિયાત સમજાવવાનો મુખ્ય ઉદેશ હતો. બાળકોએ આ કાર્યક્રમ મન ભરીને માણ્યો હતો.

## એસ.જી. અંગ્રેજી મીડિયમ પ્રાથમિક શાળાનું ગૌરવ



ગાંધીનગર, તા.૧૯

તા.૩૦-૩૧ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ દિલ્હી ખાતે યોજાયેલ ફૂટબોલ સ્પર્ધામાં એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધો -૮-ઈ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી પરમાર ક્રિશ એ નેશનલ લેવલે જુનિયર કેટેગરીમાં ત્રીજો નંબર પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળામાં વિજેતા વિદ્યાર્થીને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર તેમજ આચાર્યા મિલી મેડમે વિજેતા બાળકને અભિનંદન આપ્યા હતા.

## જે.બી. પ્રાથમિકના વિદ્યાર્થીઓ દ્વારા પોલીસ સાથે વૃક્ષારોપણ

ગાંધીનગર તા. ૧૯

આજકાલ શાળાઓમાં વિદ્યાર્થીઓને અવનવી પ્રવૃત્તિઓ, કાર્યક્રમો, સેમિનાર તેમજ ફિલ્ડ વિઝિટ દ્વારા ભણતરની સાથે સાથે નવું શીખવા મળે તેવા પ્રયાસો સતત કરવામાં આવી છે ત્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટાફ સાથે વૃક્ષારોપણનો કાર્યક્રમ સફળતા પૂર્વક યોજયો હતો.

શાળાના ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કર્યો હતો. આ કાર્યક્રમમાં પોલીસ જવાનો સાથે બાળકોએ ૨૨ જેટલા છોડ રોપ્યા હતા. સાથે પોલીસ સ્ટાફ પાસેથી કાનુની કાર્યવાહીની માહિતી પ્રાપ્ત કરી હતી.

વૃક્ષારોપણ બાદ વિદ્યાર્થીઓએ પુનીતવનમાં વિવિધ વૃક્ષોની ઓળખ સાથે માહિતી મેળવી હતી. સેક્ટર-૨૧ પોલીસ સ્ટાફ દ્વારા પણ સુંદર સાથ-સહકાર સાંપડ્યો હતો. શાળાના આચાર્ય નીવાબેન પટેલે પોલીસ સ્ટાફ તેમજ પુનીતવનનાં સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો. અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગર ખાતે સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના યુવાનોને સંરક્ષણ સેવા, પેરા મિલેટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વિગેરેમાં જોડાવવાની ઈચ્છાનો અભાવ તેમજ ભરતી થયા બાદ મળતી સગવડો વિષે અજ્ઞાનતા પ્રવર્તતી હોવાને કારણે ગુજરાત રાજ્યમાં ઘણી જગ્યાઓ વણ પુરાયેલી રહે છે. આથી આર્મી/એરફોર્સ/નેવી/અર્ધ લશ્કરીદળ, પેરા મિલેટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વિગેરેમાં જોડાવવા માંગતા ઉમેદવારોને ભરતી પુર્વે શારીરિક તેમજ માનસિક ક્ષમતા માટેની ઘનિષ્ઠ તાલીમ આપવા માટે નિવાસી તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતના યુવાનોની ભરતી થાય તે માટે આર્મી/એરફોર્સ/નેવી/અર્ધ લશ્કરીદળ, પેરા મિલેટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વિગેરેની જગ્યાઓ માટે શારીરિક યોગ્યતા ધરાવતા, નિયત કરેલ જરૂરી શૈક્ષણિક લાયકાત ધો.૧૦ પાસ માટે નિયત કરેલ ૧૭ ૧/૨ વર્ષ થી ૨૧ વર્ષ અથવા ધો-૧૨ પાસ માટે નિયત ૧૭ ૧/૨ વર્ષ થી ૨૩ વર્ષ ધરાવતા યુવાનોને શારીરિક/માનસિક ક્ષમતા તથા લેખિત પરિક્ષા માટે ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવશે.

આ તાલીમમાં શારીરિક યોગ્યતા માટે ઉંચાઈ, વજન તથા છાતી શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો, પુલ અપ્સ વિગેરેની તાલીમ માટે ફીઝીકલ (શારીરિક) ઈન્સ્ટ્રકટર દ્વારા ભરતીને અનુરૂપ ફીઝીકલ તાલીમ આપવામાં આવશે તથા અન્ય તાલીમી વ્યાખ્યાતાઓ દ્વારા અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન તથા સામાન્ય જ્ઞાનની તાલીમ આપવામાં આવશે.

ઉમેદવારોની યાદી રોજગાર કચેરી દ્વારા તૈયાર કરવા માટે કચેરીના કામકાજના દિવસોમાં તા. ૧૫/૦૨/૨૦૧૮ સુધીમાં સવારના ૧૧ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધીમાં ઉંચાઇ, વજન, શારીરિક ક્ષમતા વિગેરેનો ટેસ્ટ લઇ પ્રાથમિક પસંદગી કરવામાં આવશે. આ તાલીમ વિના મૂલ્યે છે.

એક ઉમેદવાર દીઠ દૈનિક રૂ. ૧૦૦/- લેખે ૩૦ દિવસના ૩ હજાર રૂપિયા સ્ટાઈપેન્ડ ચેક દ્વારા ચુકવામાં આવશે. રહેવા જમવાનું વિના મૂલ્યે છે. આ માટે એક પાસપોર્ટ સાઈઝનો ફોટો, ફોટો આઈડેન્ટી પ્રુફની ઝેરોક્ષ અરજી ફોર્મમાં દર્શાવેલ સૂચનાઓને આધીન ફોર્મ તથા સમતિ પત્રક ભરવાનું રહેશે. આ તાલીમ અંગે કોઈ પણ આખરી ફેરફાર રોજગાર કચેરી દ્વારા રહેશે તેવું રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## દહેગામના વટવા ગામે દેશી દારૂના અડ્ડાઓ પર એલસીબીના દરોડા

### ૧૨૦૦ લીટર દેશી દારૂ ગાળવા વપરાતા વૉશનો નાશ કરાયો



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે ચોકકસ બાતમી આધારે દહેગામ તાલુકાના વટવા ગામે દેશી દારૂના અડ્ડાઓ પર દરોડા પાડી ૧૨૦૦ લીટર દેશી દારૂ ગાળવા વપરાતા વૉશનો નાશ કર્યો છે. વટવા ગામમાં રહેતા શૈલેષ રસીક દેવીપુજકને ત્યાં દરોડો પાડી ચાર પીપડા ભરીને ૮૦૦ લીટર વૉશ પકડયો હતો. ત્યાર બાદ જીતુ વાડી દેવીપુજકને ત્યાં દરોડો પાડી તેના અડ્ડેથી બે પીપડા ભરીને ૪૦૦ લીટર વૉશ પકડી પાડયો હતો. કુલ ૧૨૦૦ લીટર વૉશ પકડી તેનો નાશ કરી બંને બુટલેગરો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## પ્લેસમેન્ટ સપ્તાહ ઉજવણી અંતર્ગત મહિલાઓ માટે આજે ખાસ રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા.૧૯

મહિલા સશક્તિકરણ નીતિ અંતર્ગત વિકાસ યાત્રામાં મહિલાઓને સમાન ભાગીદારી સુનિશ્ચિત કરવા સરકાર કટિબદ્ધ છે. તા ૧૮/૦૧/૨૦૧૮ થી ૨૫/૦૧/૨૦૧૮ દરમ્યાન પ્લેસમેન્ટ સપ્તાહ ઉજવણી કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા.૨૦મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ ફકત મહિલાઓ માટે ભરતી મેળાનું આયોજન મહિલા આઈ.ટી.આઈ, ગાંધીનગર અને જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે મહિલા આઈ.ટી.આઈ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આથી ગાંધીનગર જીલ્લાની આઈ.ટી.આઈ પાસ તેમજ ૧૨ પાસ કરેલ યુવતીઓ/મહિલાઓને બહોળા પ્રમાણમાં ભાગ લેવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## શહેરમાં રૂદ્રાક્ષ મહોત્સવ આરંભાયો





ગાંધીનગર, તા.૧૯

વિશ્વ પ્રસિધ્ધ સંસ્થા રૂદ્રલાઈફ, મુંબઈ દ્વારા પથિકાશ્રમ હૉલ ખાતે અલભ્ય રૂદ્રાક્ષ પ્રદર્શન કમ સોલનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦ થી રાત્રે ૮ કલાક સુધી ચાલનારા આ પ્રદર્શનમાં ૧ થી ૧૪ મુખી રૂદ્રાક્ષની સિધ્ધમાળા, અનન્ય ઈન્દ્રમાળા જેન્યુઈન કલેકટર ૧ થી ૨૧ મુખી બીડસ તથા સ્ફટીકમાળાનું અદભૂત કલેકશન ઉપલબ્ધ છે. રૂદ્રલાઈફ સંસ્થા દ્વારા વિશ્વભરમાં ૬૫૦થી પણ વધારે સફળ રૂદ્રાક્ષનું પ્રચાર અને પ્રસારનું પ્રદર્શન થયેલું છે.

ગઈકાલથી આરંભાયેલા રૂદ્રાક્ષ મહોત્સવમાં આપના જન્મ, વ્યવસાય, સામાજિક અને આધ્યાત્મિક પરિમાણોનું ઉંડાણપૂર્વક અવલોકન રૂદ્રાક્ષ નિષ્ણાંત તજજ્ઞો દ્વારા કરવામાં આવશે અને ઉત્તમ જીવનલક્ષ પ્રાપ્તિ માટેનો સચોટ રૂદ્રાક્ષ કોમ્બિનેશન અંગે વિના મૂલ્યે માર્ગદર્શન આપવામાં આશે.

ભારતભરમાં એકમાત્ર રૂદ્રલાઈફ સંસ્થા આઈએસઓ ૯૦૦૧-૨૦૧૫ લેબટેસ્ટેડ, સર્ટીફીકેટ સાથે રૂદ્રાક્ષ ઉપલ્બધ કરાવે છે. આ રૂદ્રાક્ષ મહોત્સવમાં હેલ્થ પર્સનાલીટી તથા ગ્રોથ માટે તજજ્ઞ તનય સીઠા તથા નિષ્ણાંત ટીમ દ્વારા રૂદ્રાક્ષ કોમ્બીનેશન અંગે માર્ગદર્શન મળશે. આમાં જુના રૂદ્રાક્ષની ચકાસણી પણ વિના મૂલ્યે કરી આપવામાં આવે છે. નિષ્ણાંત કારીગરો વ્યકિતના કોમ્બીનેશન મુજબ સ્થળ ઉપર જ માળા બનાવી આપે છે. રૂદ્રાક્ષની પૂજા-અભિષેક એકિઝબીશન સ્થળ ઉપર જ કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે રૂદ્રલાઈફ દ્વારા રૂદ્રાક્ષ થેરાપીના ઉપચારની પાંચ મેડીકલ પેટર્ન રજીસ્ટર્ડ કરાવવામાં આવેલી છે. નાસિક-ત્રંબકેશ્વર ખાતે ભારતનું સર્વ પ્રથમ રૂદ્રાક્ષ મ્યુઝીયમ રૂદ્રલાઈફ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવી રહ્યું છે. રૂદ્રલાઈફ દ્વારા રૂદ્રાક્ષની સંપૂર્ણ માહિતીના ખજાના સમાન પુસ્તક ‘પાવર ઓફ રૂદ્રાક્ષ’ અંગ્રેજી અને હિંદી ભાષામાં રજૂ કરાયેલ છે.

## ચિરવિદાય

- સ્વ. સોમાભાઈ શંકરદાસ પટેલ, ઉ.વ. ૭૫
- સ્વ. ગંગાબેન મથુરભાઈ ઠાકોર, ઉ.વ. ૭૫